# <u>સમાજનું ગૌરવ</u>

## અલકાબહેન પટેલ - બીઝનેસ વુમન ઓફ ધ ઈયર

આપણા સમાજમાં વેપાર ઉદ્યોગના ક્ષેત્રમાં બહેનો જુજ જ હોય છે. અને તે પણ પુરુષપ્રધાન વિજળી ઉદ્યોગના માલસામાન બનાવવાના ધંધામાં નહીવત. આ કાર્યક્ષેત્રમાં કુશળતા અને સફળતા સાથે અન્ય માટે દેશભરમાં પ્રેરણા આપનાર તરીકેનું ઈંગ્લેન્ડના મધ્ય વિભાગનું 'વોલસોલ બીઝનેસ વુમન ઓફ ધ ઈયર' નું ઈનામ મેળવવા અલકાબહેનની વરણી થઈ છે. આપણા બહોળા સમાજ વતી અલકાબહેનને ખુબ ખુબ અભિનંદન.

ત્રણ વર્ષની ઉમરે માતાપિતા જોડે ઈંગ્લેન્ડ આવ્યા અને અભ્યાસ પછી લગ્ન કરી કેનેડા જઈ પાંચ વર્ષ વીમાં કંપનીતેમજ કેનેડાની ઓટોમિક એર્નજી કંપનીમાં સેવાઓ આપી. ત્યાં સરખાય ન આવતાં તેઓ એમની નાની બાળકી સાથેઈંગ્લેન્ડ પાછાં આવ્યાં અને એમના પિતાશ્રીની ઈલેકટ્રીકલ કંપનીમાં જોડાયાં.

અલકાબહેનના પિતાશ્રી ડાહ્યાભાઈ ઝીણાભાઈએ ૧૯૭૧માં એમની ક્યુ. એ. ઈલેકટ્રીકલ પ્રોડક્ટ લીમિટેડ કંપનીની સ્થાપના કરેલી અને એ ઉદ્યોગ માટે ઉચ્ચ કોટીના ટ્રાન્ફોરમર બનાવવા બે માળની ફકિટરી બના વેલી. ઘણીજ હરીફાઈના સંજોગોમાં પણ એમણે એમનો વેપાર વિકસાવેલો.

જ્યારે અલકાબહેને અહી કામ કરવાનું શરુ કર્યુ અને એમને ગમવા લાગ્યું એટલે નવ થી પાંચ કામ કરી ને સંતોષ ન માનતાં આ ધંધાને લગતાં બધાં પાંસાંઓનો અભ્યાસ કરવા માંડયો. રાત્રી શાળામાં ઈલેક્ટ્રી કલ ઈંજીનિયરીગ અનેપછી ફેકટરી સુપરવાયઝરનો કોર્સ કર્યો. વુલવરહેમ્ટન યુનિવરસીટીમાં બીઝનેસ એડમીનિસ્ટ્રેશન લઈ બી. એ. થયાં. આમહવે સંપુર્ણ કંપની ચલાવવાની યોગ્યતા મેળવી લીધી. શ્રી ડાહ્યાભાઈને પણ હાશ થઈ અને ૧૯૯૪માં તેઓ નિવૃત થઈ અલકાબહેનને મેનેજીંગ ડાયરેક્ટરની ઉપાધી સોપી.

અલકાબહેનના હાથ નીચે કંપનીએ વિશેષ પ્રગતિ કરવા માંડી. ફેકટરીના વીસ જેટલા કર્મચારીઓને જરુરી ટ્રેયનિંગ માટેમોકલાવ્યા અને ઉચ્ચ કોટીના નાના મોટાં અઠવાડિએ ૧૦૦૦ ટ્રન્ફોરમરોનું ઉત્પાદન કરી ઈંગ્લેન્ડ ઉપરાંત ફ્રાન્સ, હોંગકોંગ, કેનેડા, અંમેરિકા, સીંગાપોર, મોલ્ટા, મલેસીયા વગેરે દેશોમાં નિકાસ કરવામાં સફળ થયાં.

એમના ધંધા ઉપરાંત અલકાબહેન પ્રીમિયર બીઝનેસ પાર્ક અને વોલસોલ એથનિક બીઝનેસ એસોસિએશનના પણ ડાયરેકટર છે. બ્લેક કન્ટ્રી ચેમ્બર અને ઈન્પીરેશનલ વીમન સંસ્થાના પણ અગ્રગણ્ય સભ્ય છે. માંધા તામાં પણ તેઓ સમિતિ સભ્ય તરીકે સેવા આપે છે.

વેપાર ધંધે મધ્ય ઈંગ્લેન્ડનું શ્રેષ્ઠ ઈનામ 'બીઝનેસ વુમન ઓફ ધ ઈયર' જીતી અલકાબહેને આપણા સમાજનું નામ રોષન કર્યુ છે. અલકાબહેનને ફરીથી ખુબ ખુબ અભિનંદન.

..............................................................................................